ફો.કે.નં. :– ૬૬૫/૨૦૨૨
આંક:– ૪૫ નું સાંધણ

(શરૂ–૦૩:૧૫, પુર્ણ–૩:૫૫)



સોગંદ આપ્યા.....

**<u>ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૧ તરીકે રાજેશકુમાર હરગોવિંદભાઈ કડીવારની આંક–૪૫ની સરતપાસ લગત આરોપી તરફે ઉલટ તપાસ વિ. વ.શ્રી પી.ડી.ઠાકર.</u>**

(૧) એ વાત ખરી છે કે હું વર્ષોથી ચરાડવા મુકામે રહુ છુ. એ વાત ખરી છે કે ફરીયાદીના ભાઈ ભરતભાઈ કરીયાણાની દુકાન ચરાડવા મુકામે ધરાવતા હતા. એ વાત ખરી છે કે હાલ ભરતભાઈ હયાત નથી. મને એ વાતની ખબર નથી કે આ કામના આરોપીને તથા ફરીયાદીના ભાઈ ભરતભાઈને સારા સબંધો હતા. મને હાલની ફરીયાદ ચાલતી હોવાની વિગત ફરીયાદીએ ૨૦૨૧મા કરેલી. મે મારી સરતપાસનુ સોગંદનામુ વાંચી અને તેમા સહી કરેલ છે. સને ૨૦૧૮મા રાજલ પેટ્રોલ પંપ રજીસ્ટર કરાવેલ જેનો હું પોતે એક માત્ર માલીક છુ. એ વાત ખરી છે કે આ પેટ્રોલ પંપમા સીસી ટીવી કેમેરા લગાવેલા છે. એ વાત ખરી છે કે કોઈપણ પ્રકારની ગેરકાયદેસરની પ્રવૃતી પેટ્રોલપંપ પર ન થાય તે અટકાવવા માટે સીસી ટીવી કેમેરા લગાવવામા આવેલ છે. એ વાત ખરી છે કે મારા સરતપાસના સોગંદનામામા આ કામના આરોપી તથા આ કામના ફરીયાદી મને કઈ તારીખે, કેટલા વાગે પેટ્રોલપંપ પર મળવા માટે આવેલા તેની વિગત દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપીએ ફરીયાદી પાસે પૈસા માગ્યા હોય અને તે પૈસા કયારે પરત આપવાના હતા તેવો કોઈ ઉલ્લેખ મારી સરતપાસના સોગંદનામામા કરેલ નથી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા મે ખોટી હકીકત જણાવેલી. એ વાત ખરી છે કે મારા સરતપાસના સોગંદનામામા ફરીયાદી રાજેશભાઈએ ગોલ્ડ લોન કયારે, કઈ તારીખે કઈ સાલમા લીધેલ તેનો ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે સોગંદનામામા જણાવ્યા મુજબ આ કામના ફરીયાદીને તેમના માગ્યા મુજબ રૂ।.૭,૪૨,૦૦૦/– ઉછીના આપેલ હોવા અંગે નો કોઈ જ કરાર કે પહોંચ મારી પાસે નથી. એ વાત ખરી છે કે મારા સરતપાસના સોગંદનામામા જણાવ્યા મુજબ રૂપીયા ચૌદ લાખ આ કામના ફરીયાદીએ આ કામના આરોપીને આપેલ હોય તે અંગેનુ કોઈ જ લખાણ કે સહી આરોપીએ ફરીયાદીના ફેવરમા કરી આપેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારી રૂબરૂમા થયેલ નથી. અને આ રૂપીયા ચૌદ લાખની લેતીદેતી કઈ તારીખે મારા રૂબરૂ થઈ તે પણ મને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે મારા જણાવ્યા મુજબનો વહેવાર ચૌદ લાખ રૂપીયા મારા પેટ્રોલપંપે હાલના આરોપીને આ કામના ફરીયાદીએ આપેલ તે તમામ સીસી ટીવી કેમેરામા રેકર્ડ થયેલ હોય. એ વાત ખરી

છે કે મે મારા સીસી ટીવી કેમેરામા રેકોર્ડ થયેલ તમામ વ્યવહારની સીસી ટીવીની સીડી આ કામે રજુ રાખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સને ૨૦૨૧ની મેટર હોવાથી સીસી ટીવી કુટેજમા એક મહીનાની જ રેકોર્ડીગ રહી શકે તેમ હોય અને મને આવી તકરાર ઉપસ્થીત થશે તેવી ખબર ન હતી નહી તો હું તેની સીડી તૈયાર કરાવી રેકોર્ડીગ રાખત. એ વાત ખરી નથી કે મારા જણાવ્યા મુજબ કયારેય આરોપી મારા પેટ્રોલપંપ પર આવ્યા જ નથી અને ફરીયાદી સાથે આવો નાણાકીય વ્યવહાર થયો જ નથી પરંતુ ફરીયાદી મારા મિત્ર થતા હોવાથી હું તેના સમર્થનમા સોગંદ ઉપર આ ખોટી હકીકત જણાવુ છુ.

ફેર તપાસ નથી.

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૧૨/૧૨/૨૦૨૫**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*